# ◄ REGULAR CIVIL SUIT No. 20/2019 ►

[Narendra Shankarlal bin Somabhai through P.O.A Bhagvatiben vs Natvarsinh Ratansinh Raj & Ors]
(PCJ -Vaso)

| | |
|---|---|
| વાદીના વિ.વકીલશ્રી | કે.એન. પટેલ |
| પ્રતિવાદીઓ વિ.વકીલશ્રી | પી.એમ.ઠકકર |

## આંક–૦૫ની મનાઈઅરજી તળે હુકમ

**(૧)વાદી દ્રારા હાલનો દાવો લાવી નીચે મુજબ મોજે પેટલી તા. વસો ખાતે આવેલી ખાતા ન. ૩૦૭વાળી જમીનો તકરારી મિલ્કત માટે દાખલ કરેલ છે જેને હવે ''*દાવાવાળી જમીન*'' તરીખે ઓળખાશે.**

| સર્વે નંબર | ક્ષેત્રફળ હે.આરે.ચો.મી | આકાર |
|---|---|---|
| ૩૪૪ | ૦–૨૧–૨૫ | ૨.૫૦ |
| ૩૭૮/૩ | ૦–૦૯–૧૧ | ૧.૦૦ |
| ૩૮૦/૩ | ૦–૫૩–૬૨ | ૭.૬૨ |
| ૩૮૦/૭ | ૦–૨૩–૨૭ | ૩.૩૭ |

વાદીઓ હાલનો દાવો લાવી સાથે આંક–પની કામચલાઉ અરજી રજુ કરી જણાવેલ છે કે દાવાવાળી જમીનનો દાવાનો આખર નિકાલ ન થાય ત્યાં સુધી કોઈપણ રીતે સદર દાવાવાળી જમીન વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં પ્રતિવાદી કે તેમના માણસો ,એજન્ટો,એસાઈનીઓ,મુખત્યાર,વાદીઓના દાવાવાળી જમીનોમા ખેતી કરતા ,ઉપજ લેતા,કોઈ પણ પ્રકારે હેલો,હરકત કરે કરાવે નહી તે મુજબની વચગાળાની દાદ માગેલી છે.

**(૨)** વાદીની દાવાની ટુંકમા વિગત જોઈએ તો,આ કામના પ્રતિવાદીઓ વાદી વૃધ્ધ અને બિમાર રહેતા હોય દાવાવાળી જમીનોમાં ઉભા વાવેતરને ભેલાણ કરે છે. વાદીની દાવાવાળી જમીનોમાં વાદીની એકલતાનો લાભ લઈ ગેર કાયદેસર પ્રવેશ કરવાની ગુનાહીત ધમકીઓ આપે છે. વાદીની દાવાવાળી જમીનોમાં ગેર કાયદેસર પ્રવેશ કરી

વાવેતર કાપી લઈજવા માટે ધમકીઓ આપે છે. આમ પ્રતિવાદીઓ રાજકીય વગવાળા હોય પૈસા પાત્ર હોય જુથબળ વાળા હોય કાયદો હાથમાં લઈ વાદીના દીવાની હકકોને નુકશાન કરવા, કાયમ માટે નષ્ટ કરવા પ્રયત્ન કરતા હોય જેથી હાલનો દાવો લાવી મોજે પેટલી ગામ તા.વસો જી. ખેડા ખાતા નં.૩૦૭ વાળી જમીનોમાં પ્ર તિવાદીઓ કોઈપણ જાતનો હકક કે અધિકાર નથી તેવુ ઠરાવી આપવા તેમજ પ્રતિવાદી કે તેમના માણસો ,એજન્ટો,એસાઈનીઓ,મુખત્યાર,વાદીઓના દાવાવાળી જમીનોમા ખેતી કરતા ,ઉપજ લેતા,કોઈ પણ પ્રકારે હેલો,હરકત કરે કરાવે નહી તેઓ કાયમી મનાઈ હુકમ આપવા દાદ માગેલ છે.

(૩)આ કામના પ્રતિવાદીઓને સમન્સ નોટિસ ઈસ્યુ કરતા પ્રતિવાદીઓ તેમના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ અને દાવાના તથા અરજીના જવાબ રજુ રાખેલ

પ્ર.વાદી ન.૧ તરફથી પ્રતિવાદી નં.૧ તરફથી આંક.૨૫ થી દાવાઅરજીનો જવાબ તથા આંક-૨૬ થી મનાઈ અરજી જવાબ રજુ રાખેલ છે. પ્રતિવાદીએ પોતાના જવાબમાં મુખ્યત્વે વાદીની દાવાઅરજી નકારેલ છે. અને જણાવે છે કે મોજે પેટલી ખાતે આવેલ ખાતા નં.૩૦૭ તથા સર્વે નં.૩૭૮/૦૩ જેનુ ક્ષેત્રફળ ૦-૦૯-૧૧,૩૮૦/૩ જેનુ ક્ષેત્રફળ ૦-૫૩-૬૨ તથા ૩૮૦/૦૭ જેનુ ક્ષેત્રફળ ૦-૨૩-૨૭ વાળી જમીન હાલ પ્રતિવાદી નં.૧ અમારા પિતાશ્રી રતનસંગ કુલસંગ રાજ ના સમયથી એટલે કે અમારા જન્મ અગાઉથી અમારા પિતાશ્રી ખેડતા આવેલાછે. અને હાલમાં પણ આ મિલકતો વારસાઈ હકેથી પ્રતિવાદીઓનો કબજો ભોગવટો ચાલતો આવેલો છે. હાલના પ્રતિવાદી નં.૨ કુટુંબ કબીલા સાથે ગુજરાન ચલાવતા આવેલા છે અને બાકીના ખાતા નં.૩૦૭ તથા સ.નં.૩૪૪ વાળી ૦-૨૧-૨૫ જમીન પ્રતિવાદી નં.૨ ના કબજા ભોગવટામાં આવેલી છે. રેવન્યુ રેકર્ડમાં અમારા પિતાનુ ખેડુત તરીકે નામ સન.૧૯૭૯ થી ૨૦૦૫ સુધી આવેલુ ત્યારબાદ કોઈ ટેકનીકલ કારણસર નામ નીકળીગયેલુ. પરંતુ આજદીન સુધી જમીનનો કબજો ભગોવટો પ્રતિવાદીઓ પાસે છે. ઘણા વર્ષો

અગાઉ સદર જમીન અમારા દાદાશ્રી રતનસંગ કુલસંગ નાઓએ આ કામના વાદીના પિતાશ્રી શંકરભાઈ સોમાભાઈ પટેલ પાસેથી મોબોલી ને વેચાણથી વેચાણ લીધેલી અને ત્યાર બાદ સદર શંકરભાઈ સોમાભાઈ પટેલ મરણ પામેલા અને તેમના દીકરા નરેન્દ્રભાઈ શંકરભાઈ વિદેશમાં રહેતા હતા તે વર્ષોબાદ ભારતમાં આવેલા અને સદર મિલકતમાં વારસાઈ કરાવી લીધેલ.ત્યારબાદ પ્રતિવાદી નં.૧ ના પિતા રતનસંગ કુલસંગ મરણ પામેલા અને ત્યારથી કબજો ભોગવટો પ્રતિવાદી નં.૧ પાસે છે.અને સદર દાવો ખોટી રીતે હેરાન પરેશાન કરવા માટે કરેલ છે.

પ્રતિવાદી નં.૨ તરફથી આંક–૧૮ થી દાવાઅરજીનો જવાબ તથા આંક–૧૯ થી મનાઈઅરજીનો જવાબ રજુ રાખેલ છે. આંક–૧૮ થી રજુ થયેલ જવાબમાં મુખ્યત્વે વાદીની દાવાઅરજી નકારેલ છે અને ખરી હકીકત જણાવેલ છે કે ખાતા નં.૩૦૭ તથા સ.ન.૩૪ વાળી ૦–૨૧–૨૫ જમીન હાલના પ્રતિવાદી નં.૨ ના પિતાશ્રી રતનસિંહ પ્રતાપસિંહ રાજ ના સમયથી એટલે કે પ્રતિવાદીનં.૨ ના જન્મ અગાઉથી તેમના પિતાશ્રી ખેડતા આવેલા છે અને વારસાઈ હકકથી હાલ પ્રતિવાદી નં.૨ નો કબજો આવેલો છે જેમાં પ્રતિવાદી નં.૨ તેમના કુટુંબ કબિલા સાથે રહે છે.બાકીની જમીન જેના ખાતા નં.૩૦૭ તથા સ.ન.૩૭૮/૯ જેનુ ક્ષેત્રફળ ૦–૦૯–૧૧,૩૮૦/૩ જેનુ ક્ષેત્રફળ ૦–૫૩–૬૨ તથા ૩૮૦/૭ જેનુ ક્ષેત્રફળ ૦–૨૩–૨૭ વાળી જમીન પ્રતિવાદી નં.૧ ના કબજામાં છે અને તેઓ ખેતી કરી ઉપજ મેળવતા આવેલા છે.ઘણા વર્ષો અગાઉ સદર જમીન અમારા દાદાશ્રી પ્રતાપસંગ જેઠાભાઈ રાજનાઓએ આ કામના વાદીના પિતાશ્રી શંકરભાઈ સોમાભાઈ પટેલ પાસેથી મોબોલી ને વેચાણથી વેચાણ લીધેલી અને ત્યાર બાદ સદર શંકરભાઈ સોમાભાઈ પટેલ મરણ પામેલા અને તેમના દીકરા નરેન્દ્રભાઈ શંકરભાઈ વિદેશમાં રહેતા હતા તે વર્ષોબાદ ભારતમાં આવેલા અને સદર મિલકતમાં વારસાઈ કરાવી લીધેલ અને ત્યારથી કબજો ભોગવટો પ્રતિવાદી નં.૨ પાસે છે.અને સદર દાવો ખોટી રીતે હેરાન પરેશાન કરવા માટે કરેલ છે.

(૪)<u>પક્ષકારો તરફથી રજુઆત</u>:-

વાદી તરફથી આંક-૩૧ થી રજુ થયેલ લેખિત દલીલ માનસહ વંચાણે લીધેલ.પ્રતિવાદીઓ તરફથી આંક-૩૬ દલીલ રજુ નકરતા તેઓનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**<u>વાદી તરફથી રજુઆત</u>**: વાદી તરફથી આંક-૩૧થી લેખિત દલીલો રજુ થયેલ છે જે માનસહ વંચાણે લીધી જેમા મુખ્યત્વે તેઓ જણાવે છે કે વાદીએ માર્ક ૩/૧ થી ૩/૯ થી દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે જેમાં માર્ક ૩/૪ થી દાવાવાળી જમીનના ખાત નં.૩૦૭ ની ખરી નકલ રજુ રાખેલ છે તેમાં વાદીનુ નામ જણાઈ આવે છે તેમજ આ દાવાવાળી જમીનોમાં વારસાઈ અંગેની ફેરફાર નોધ ૩૩૬૨ તા.૦૯/૦૪/૮૯ના રોજ સરકારી દફતેરે પ્રમાણીત થયેલ છે. પ્રતિવાદીઓના કોઈ પણ પ્રકારના દાવાવાળી જમીનના રેકર્ડમાં અધીકાર હોવાનુ કોઈ પણ નોધ રજુ થયેલ નથી વાદી સ્વતંત્ર હોવાનુ પુરવાર થાય છે. વાદીના દાવાના કામે રજુ થયેલ રેવન્યુ રેકર્ડ અનચેલેન્જ પુરાવો રજુ છે.આ તમામ દસ્તાવેજોની સાથે વાદીએ મહેસુલ ભર્યા અંગેની પહો રજુ રાખેલ છે.તે તમામ દસ્તાવેજો વાદીનો પ્રાઈમા ફેસી માલિકી હકક પુરવાર કરે છે. વાદીના દસ્તાવેજો ધ્યાનમાં લેતા જો વાદીને માગ્યામુજબની દાદા ન આપવામાં આવેતો પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં ગેર કાયદેસર રીતે ઘુસી જાય એમ છે. આ કામના પ્રતિવાદીઓએ ૧૯૮૯ની સાલમાં વારસાઈ દાખલ કરેલી તેમ છતા આજદીન સુધી કોઈ અપીલ,રીવીઝન,કે વાંધો દાખલ કરેલ નથી.આમ પ્રતિવાદીઓ દાવાવાળી જમીનો પચાવી લેવા પ્રયત્ન કરી રહેલ છે.જેથી વાદીની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**<u>પ્રતિવાદી તરફથી રજુઆત</u>**: પ્રતિવાદી તરફથી આંક.૩૬ થી તથા આંક.૩૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે. જે માનસહ વંચાણે લીધેલ જેમાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓનો વર્ષોથી આવેલો છે. તેમજ આ કામના વાદીના પિતાશ્રીઓએ દાવાવાળી જમીન પૈકી અમુક જમીન પ્રતિવાદી નં.૧ ના

પિતાશ્રીને તથા અમુક જમીનો પ્રતિવાદી નં.રના દાદાશ્રીને મૌખિક રીતે વેચાણ આપેલી અને ત્યારથી દાવાવાળી જમીન પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં આવેલી છે. વાદીએ દાવાવાળી જમીનમાં વારસાઈ એન્ટ્રી કરાવી દાવાવાળી જગ્યાનો દસ્તાવેજ પ્રતિવાદીને કરી આપેલ નથી. આ કામના પ્રતિવાદીઓનુ નામ ૧૯૭૯થી ૨૦૦૫ સુધી દાવાવાળી જગ્યાના રેવન્યુ રેકર્ડમાં આવેલ હતુ પરંતુ કંમ્પ્યુટર રેકર્ડમાં તેઓનુ નામ કમી થઈગયેલ. આ કામના પ્રતિવાદીઓ તેમના બાળ બચ્ચા સહિત દાવાવાળી જગ્યાપર લાં બા સમયથી કબજા ભોગવટામાં હોય અને જો માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવેતો પ્રતિવાદીઓને પારાવાર નુકશાન થવાની શકયતા રહેલી છે. તેથી હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫)ઉપરોકત વાદીની દલીલો તથા પ્રતિવાદીઓના વાંધા–જવાબ ધ્યાને લેતા હાલની અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | શુ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે? |
| (૨) | શુ અગવડતા–સગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમા છે? |
| (૩) | શુ હાલની મનાઈઅરજી નામંજુર કરવામા આવેતો વાદીને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની શકયતા છે? |
| (૪) | શુ હુકમ. |

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **હ કાર માં** |
| (૨) | **હ કાર માં** |
| (૩) | **હ કાર માં** |
| (૪) | **આખરી હુકમ મુજબ.** |

ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

## કારણો

**મુદ્દા ન. ૧ થી ૪:–**

(૭) વાદીની દલીલ તથા રેકર્ડ ધ્યાને લેતા દાવાવાળી જમીન ખેતીની જમીન આવેલી છે. વાદીના વિ.વકીલશ્રી પોતાની દલીલમા જણાવે છે કે દાવાવાળી જમીન વાદીના નામે આવેલી છે અને હાલ પ્રતિવાદીઓ રાજકીય ઓથવાળા હોય જેથી વાદની જમીન ઉપર કબજો મેળવવાના પ્રયત્ન કરી રહયા છે. વાદીના વિ.વકીલશ્રી માર્ક–૩/૪થી ગામ નમુના નંબર ૮–(અ) તથા માર્ક–૩/૫ થી માર્ક–૩/૮થી ૭/૧૨ના ઉતારાની નકલ ધ્યાને લેવા અરજ કરેલ છે જેમા વાદીનુ નામ છે.વિશેષમા વાદીના વિ.વકીલશ્રી માર્ક–૩૫/૧થી ગામ નમુના નંબર ૮(અ)ની ખરી નકલ તથા માર્ક–૩૫/૨થી માર્ક–૩૫/૫થી દાવાવાળી જમીનના લેટેસ્ટ ૭/૧૨ના ઉતારાની નકલ રજુ રાખેલ છે જે ધ્યાને લેવા અરજ કરેલ છે.તેમજ માર્ક–૩૫/૬ થી માર્ક–૩૫/૯વાળા નોંધની ખરી નકલો રજુ રાખેલ છે તે ધ્યાને લેવા અરજ કરેલ છે.

(૮) પ્રતિવાદીઓના વિ.વકીલશ્રી પોતાની દલીલમા જણાવે છે કે આ કામે દાવાવાળી જમીનો પૈકી અમુક જમીનો પ્ર.વાદી ન. ૧ના પિતાને તથા પ્ર.વાદીન .૨ના દાદાશ્રીને વાદીના પિતાએ વાદીના પિતાએ મૌખિક વેચાણથી દાવાવાળી જમીનો આપેલી પરંતુ વાદીએ દાવાવાળી જમીનમાં વારસાઈ એન્ટ્રી પડાવી દાવાવાળી મિલકતનો દસ્તાવેજ કરીઆપેલ નથી. આ કામે પ્રતિવાદીઓ વરસોથી દાવાવાળી જગ્યાપર પોતાના કુટુંબ સાથે રહે છે અને ગુજરાન ચલાવે છે. તેમજ પ્રતિવાદીઓએ રજુ કરેલ દસ્તાવેજી લીસ્ટ ધ્યાને લેવા અરજ કરેલ છે.

(૯) આ કામે દાવાવાળી જમીન ખેતીની જમીન છે. વાદીએ માર્ક ૩૫/૧ થી ૩૫/૫ થી દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ રજુ રાખેલ છે જેમાં વાદીઓનુ નામ જણાઈ આવે છે. આ કામે પ્રતિવાદી તરફથી દસ્તાવેજી પુરાવા લીસ્ટ આંક–૨૭ થી રજુ કરેલ છે. માર્ક ૨૭/૨ થી જુની ખાતાવાહી રજુ રાખેલ છે તે ધ્યાન પુર્વક વંચાણે લેતા વાદીના

પિતાના નામની જણાઈ આવે છે.ત્યારબાદ માર્ક ૨૭/૩ થી માર્ક ૨૭/૫ થી રજુ થયેલ જુના ૭/૧૨ના ઉતારા ધ્યાને લેતા તેમાં કબજેદાર તરીકે વાદીના પિતાનુ નામ છે અને ખેડુત તરીકે પ્રતિવાદીઓના નામ છે.પરંતુ વાદીએ માર્ક ૩૫/૧ થી ૩૫/૫ થી જે લેટેસ્ટ દાવાવાળી જમીનના ૭/૧૨ના ઉતારા રજુ રાખેલ છે તેમાં વાદીનુ નામ છે.આ કામે પ્રતિવાદી ધ્યારા બચાવ લેવામાં આવે છે કે વાદીના પિતાશ્રીએ મૌખિક વેચાણ થી જમીનો પ્રતિવાદીને આપેલી પરંતુ મૌખિક વેચાણનો બચાવ પુરાવાના તબબકે ધ્યાને લઈ શકાય તે પહેલા નહી. વિશષમાં પ્રતિવાદી જણાવે છે કે તેઓના નામ દાવાવાળી જમીનમાં સને ૧૯૭૯થી ૨૦૦૫ સુધી નામ ચાલતા આવેલા અને ત્યારબાદ ૨૦૦૫ થી ટેકનીકલ કારણસર નામ નીકળી ગયેલા. પરંતુ પ્રતિવાદી એ હકીકત જણાવતા નથી કે કયા ટેકનીકલ કારણસર તેઓના નામ નીકળી ગયેલા તેમજ ૨૦૦૫ થી આજ દીન સુધી શા માટે આ અંગે રેવન્યુ ઓથોરીટીમાં અપીલ કે રીવીઝન કરેલ નહી. આ કામે પ્રતિવાદી નં.૨નાએ માર્ક ૨૦/૧ થી ૨૦/૧૭ થી પેટલી ગામના ખાતા નં.૩૦૭ ની વેરા પાવતી રજુ રાખેલ છે તે ધ્યાને લેતા માર્ક ૨૦/૧ થી ૨૦/૧૭ વાળી વેરા પવતીમાં વાદીના માતાનુ નામ જણાઈ આવે છે આકામે પ્રતિવાદી નં.૧ નાએ આ પાવતિઓ રજુ કરેલ છે તે ધ્યાન પુર્વક જોતા જેમાં પોતાનુ નામ હોવાનુ જણાવે છે તે ખાતા નં.૧૬૪ ની પાવતી છે. આમ પ્રતિવાદી દાવાવાળી જગ્યાના કબજા ભોગવટામાં હોત તેઓ કોઈ સ્વતંત્ર પુરાવો રજુ રાખેલ નથી. તેમજ પ્રતિવાદીઓ જે બચાવ અને દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે તે પુરાવા લીધા બાદ નકકી થઈ શકે તેમ છે કે તેઓ દાવાવાળી જગ્યાના કબજા ભોગવટેદાર છે કે નહી.

(૧૦) આ કામે દાવાવાળી જગ્યા ખેતીન જમીન છે.દાવાવાળી જગ્યાના રેવન્યુ રેકર્ડ માં વાદીનુ નામ જણાઈ આવે છે.બંને પક્ષકારો દાવાવાળી જમીનોનો કબજો હોવાની હકીકત જણાવી રહયા છે. ત્યારે નામાદાર સુપ્રિમ કોર્ટે નઝરી મહોમદ વિ. જે.કમલા [1]ના કેસમા પારા ન.પરમા વંચાણે લેવા આવશ્યક છે .....

1 **2020 (0) AIJEL-SC-66474**

**(52.)** The maxim "possession follows title" is limited in its application to property, which having regard to its nature, does not admit to actual and exclusive occupation, as in the case of open spaces accessible to all. The presumption that possession must be deemed to follow title, arises only where there is no definite proof of possession by anyone else. In this case it is admitted that the Appellant-Defendant is in possession and not the Respondent Plaintiff.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા ઉપર મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ દાવાવાળી જમીનોના ટાઈટલ વાદી પાસે છે. જેથી દાવાવાળી જગ્યાનો કબજો હાલ વાદી પાસે હોવાનુ અનુમાન કરી શકાય.

**(૧૧)** આમ, વાદી તરફથી આંક–૦૫થી રજુ થયેલ કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી અન્વયે તેઓએ પોતાનો કેસ પ્રથમદર્શનીય સાબિત કરવામા સફળ રહેલ છે. આ કામે વાદીના કબજાને પ્રોટેકટ નહી કરવામા આવેતો વાદીને નાણામા ભરપાઈ ન શકે તેવુ નુકસાન થશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે જેથી વાદી તરફથી આંક–૦૫ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર છે અને દાવો ચાલતા સુધી તેમના કબજાને રક્ષણ આપવાથી ન્યાયનો હેતુ સરશે તેવુ આ અદાલતનુ માનવુ છે. જેથી વાદીની આંક–પની અરજી તળે નીચે મુજબ કરવામા આવે છે.

## <u>હુકમ</u>

(૧) આ કામના વાદીની આંક–૦પની મનાઈ અરજી મંજુર કરવામા આવે છે.

(૨) આ કામે દાવાવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓ કે તેમના માણસો,એજન્ટો,એસાઈનીઓ,મુખત્યાર,વાદીઓને દાવાવાળી જમીનોમા ખેતી કરતા ,ઉપજ લેતા,કોઈ પણ પ્રકારે હેલો,હરકત કરે કરવો નહી તેવો દાવો ચાલતા સુધી, વાદીની તરફેણમા અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમા આપવામા આવે છે

(૩) અરજીનુ ખર્ચ દાવાના ખર્ચને અનુસરશે.

હુકમ આજ રોજ તા..૨૯, માહે– નવેમ્બર સન–૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમા વાચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૧૧/૨૦૨૩
સ્થળ:વસો

(જીજ્ઞેશ હરીશભાઈ ભટ્ટ)
મુખ્ય સિવીલ જજ
વસો
**કોડ ન. જીજે–૦૧૫૬૮**